1. 'હરિત સાગર' માર્ગદર્શિકા કયા મંત્રાલય દ્વારા લાગુ કરાયેલ છે?

(A) પર્યાવરણ મંત્રાલય
(B) બંદરો શીપિંગ અને જળમાર્ગ નું મંત્રાલય
(C) ગૃહ મંત્રાલય
(D) સંરક્ષણ મંત્રાલય

- **Explanation**
- (B) બંદરો શીપિંગ અને જળમાર્ગ નું મંત્રાલય
- સમાચારમાં કેમ છે?
- બંદરો શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા હાલમાં હરિત સાગર ગ્રીન માટે માર્ગદર્શિકા બહાર પાડેલ છે
- તેનો મુખ્ય ઉદ્દેશ ભારતના બંદર ઉદ્યોગના ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવાનો હતો

(2) IDrone પહેલાનો મુખ્ય ઉદ્દેશ્ય શું છે

(A) ખેતરના પાકનું ધ્યાન રાખવું અને ખાતર નાખવું.
(B) તબીબી સંસાધનોને દેશના અંતરિયાળ વિસ્તારમાં પહોંચાડવું.
(C) સંરક્ષણ ક્ષેત્ર માટે બોર્ડર પ્રદેશોમાં દેખરેખ રાખવા માટે.
(D) આપેલ તમામ

- **Explanation**
- (B) તબીબી સંસાધનોને દેશના અંતરિયાળ વિસ્તારમાં પહોંચાડવું.
- સમાચારમાં કેમ છે?
- હાલમાં ICMR દ્વારા iDrone પહેલે ડ્રોન દ્વારા લોહીની થેલીને પહોંચાડવા માટેનો સફળ પરીક્ષણ કર્યો હતો
- કોવિડમાં અંતરિયાળ વિસ્તારમાં તબીબી સંસાધનો પહોંચાડવા મુશ્કેલ બન્યા હતા.
- જેથી ત્યારબાદ ICMR દ્વારા કોરોના બાદ આવી પહેલ શરૂ કરવામાં આવી હતી.
- અને એ પહેલનું સફળ પરીક્ષણ હાલના સમયમાં પૂરું થયું છે.

વર્લ્ડ ઇનબોક્સ એકેડમી

(3) આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય એક્સપો 2023 કયા દેશમાં યોજાયો હતો

(A) ભારત (B) અમેરિકા
(C) રશિયા (D) બ્રિટન

- **Explanation**
- (A) ભારત
- સમાચારમાં કેમ છે?
- 18 મે, 2023 ના દિવસે નવી દિલ્હી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય એક્સપો 2023, નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે

(4) કોરપેટ[corpat] નામની કવાયત ક્યાં બે દેશો વચ્ચેની છે?

(A) ભારત અને મ્યાનમાર
(B) શ્રીલંકા અને મ્યાનમાર
(C) ભારત અને થાઈલેન્ડ
(D) ભારત અને કંબોડિયા

- **Explanation**
- (C) ભારત અને થાઈલેન્ડ
- સમાચારમાં કેમ છે?
- હાલમાં 3 મે, 2023 થી 10 મે, 2023 સુધી અંદમાન સમુદ્રમાં ભારત અને થાઈલેન્ડ વચ્ચે ઈન્ડો થાઈ કોર્પેટ કવાયત થઈ હતી.
- તે ભારતીય નૌસેના અને રોયલ થાઈ નવ સેના વચ્ચે થઈ હતી.
- આ કવાયત વર્ષમાં બે વખત થાય છે
- ઉદ્દેશ્ય : બંને દેશોના દરિયાઈ જોડાણને મજબૂત કરવા તેમજ હિંદ મહાસાગરમાં આંતરરાષ્ટ્રીય વેપાર માર્ગની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા

વર્લ્ડ ઇનબોક્સ એકેડમી

(5) ભારતમાં રેલ્વે બાંધવા માટે 1844-45 માં નીચેના પૈકી કઈ કંપનીઓ / કંપની રચવામાં આવી હતી. [Dy. SO 27/202021]

(A) ઈસ્ટ ઈન્ડિયા
(B) ગ્રેટ ઈન્ડિયન પેનીનસુલા
(C) A અને B બંને
(D) A અને B પૈકી કોઈ નહીં

- Explanation
- (C) A અને B બંને
- ગવર્નર જનરલ લોર્ડ હાર્ડિંગના કાળમાં ઈ.સ.1844 માં ભારતમાં રેલ્વે નિર્માણ માટે 2 કંપનીઓની રચના કરવામાં આવી જે આ પ્રમાણે હતી.
- (1)ઈસ્ટ ઈન્ડિયા રેલ્વે કંપની (2)ગ્રેટ ઈન્ડિયા પેનીનસુલા રેલ્વે
- આ કંપનીઓમાં ખાનગી ઉદ્યોગ સાહસિકો અને રોકાણ કરવાની પરવાનગી આપવામાં આવી હતી.
- ભારતમાં પ્રથમ રેલવે ઈ.સ. 1853માં મુંબઈ થી થાણે વચ્ચે ચલાવવામાં આવી હતી.

(6) ગુજરાતના સોલંકી વંશના રાજાઓ મૂળ ____________ કુળના હતા. [Dy. SO 27/202021]

(A) ચૌલુક્ય
(B) ચોલ
(C) રાષ્ટ્રકૂટ
(D) પ્રતિહાર

- Explanation
- (A) ચૌલુક્ય
- સોલંકીઓ બદામી (વર્તમાનમાં કર્ણાટક)ના 6 થી 8 મી સદીના ચૌલુક્યોના ઉત્તરાધિકારીઓ માનવામાં આવે છે.

વર્લ્ડ ઈનબોક્સ એકેડમી